Trust Reg. No. E-219 www.oshwalindia.org

ATITHI GRUH
Managed by:
OSHWAL SHIKSHAN & RAHAT SANGH

Oshwal Centre, Saat Rasta, Aerodrome Road, Jamnagar-361006 +91 288 2540549 / 2553947 atithi@oshwalindia.org

# ઓશવાળ અતિથિગૃહ નીતિનિયમો અને નકરા

૧. બહાર ગામથી આવતા મુસાફરોની અરજીઓને પ્રથમ ધોરણે પસંદગી આપવામાં આવશે.

૨. સ્વતંત્ર બ્લોક કુટુંબ સહિત આવનાર ઉતારૂઓને આપવામાં આવશે. સીંગલ તથા ડબલ ઉતારૂઓને ડબલબેડના રૂમ અથવા ડોરમેટરીમાંજ ઉતારો આપવામાં આવશે. અતિથિગૃહમાં જો સગવડતા હશે તો ઉતારૂઓને સ્થાનિક સમિતિની પરવાનગીથી બ્લોક આપવામાં આવશે.

૩. આ સમગ્ર સંકુલમાં અખાધ ચીજ વસ્તુઓ તથા માદક દ્રવ્યોનું સેવન કરવાની મનાઈ છે. નશીલા સેવન કરનાર ઉપર કાયદેસર પગલા લેવામાં આવશે તો સંસ્થાની જવાબદારી રહેશે નહી.

૪. પ્રવાસીઓના પોતાના સર-સામાનની સંપૂર્ણ જવાબદારી પોતાની રહેશે તથા જોખમી વસ્તુઓ પોતે સંભાળીને રાખવાની રહેશે. તેમજ પોતાનું સ્વતંત્ર ' લોક ' પણ મારી શકશે.

૫. બ્લોકમાં રહેલ કોઈ ચીજ-વસ્તુઓ ગેરવલ્લે જશે તો તેનો ચાર્જ ડીપોઝીટમાંથી મજરે કાપી લેવામાં આવશે.

૬. દરેક પ્રવાસીઓને ફાળવેલ બ્લોકમાં જે તે ફર્નીચર છે તેની જાણવણીની સંપૂર્ણ જવાબદારી જે તે બ્લોક વાપરનારની રહેશે.

૭. દાખલ થયેલ પ્રવાસીઓએ રાત્રે ૧૧-૩૦ સુધીમાં સંકુલમાં જરૂરથી આવી જવાનું રહેશે.

૮. વપરાશ માટેના નિયમોનો ભંગ કરનાર બ્લોકનો દુર ઉપયોગ કરનાર કે ગેર વર્તુણક કરનાર પ્રવાસીઓ પાસેથી બ્લોક તથા ચીજ વસ્તુઓનો કબજો સ્થાનિક નિયામક ગમે ત્યારે લઈ શકશે. તેમજ સંસ્થાના હોદેદારો કે સંચાલક કોઇપણ સમયે કોઇપણ ઉતારુઓના બ્લોકની જાત તપાસ કરી શકશે.

૯. સંજોગોવસાત બ્લોકની જરૂર પડે ત્યારે જણાવવામાં આવે તો અન્ય જગ્યાએ સગવડ કરવાની રહેશે.

૧૦. બ્લોક ચેક આઉટ સમય બપોરના ૧૨ વાગ્યા થી બીજા દિવસે બપોરના ૧૧ વાગ્યા સુધીનો રહેશે.

૧૧. અતીથીગૃહમાં ઉતરેલ ઉતારૂઓને કોઈ વસ્તુ વેચાણ માટે બતાવવા કે વેચાણ કરવા માટે કોઈ વેપારીને, ઉતારૂઓને લઈ - આવવા જવા માટે ટ્રાવેલ્સવાળાને ઉપર જવાની મનાઈ છે. પરંતુ તેઓ નીચે બોલાવીને કોન્ટેક્ટ કરી શકશે.

૧૨. પ્રવાસીઓએ સાથે લાવેલ વાહનને સંસ્થાએ ફાળવેલ પાર્કિંગ પ્લોટ માંજ પાર્ક કરવાનું રહેશે અને તેની સંપૂર્ણ જવાબદારી તેઓની પોતાની રહેશે. સાથે આવેલ ડ્રાઈવર કલીનરને ઉપર જવાની મનાઈ છે પરંતુ તેઓને નીચે સગવડ કરી આપવામાં આવશે.

૧૩. નોન એ.સી. રૂમ અપૂરતા જણાઈ ત્યારે એ.સી. રૂમનો ઉપયોગ નોન એ.સી. રૂમ તરીકે થઈ શકશે પરંતુ નોન એ.સી. રૂમ ખાલી થતાં તેમાં ટ્રાન્સફર કરાવી લેવાનું રહેશે.

૧૪. જ્ઞાતિજનો માટે બ્લોક, ડબલબેડ રૂમ તથા ડોરમેટરી રૂમનો વપરાશ ચાર દિવસ સુધી રેગ્યુલર નકરામાં કરવા દેવામાં આવશે. ત્યારબાદ પાંચમાં દિવસથી સંસ્થાએ નક્કી કરેલ નકરો આપવાનો રહેશે. પ્રવાસીઓએ ફોર્મમાં જે નામો દર્શાવેલ હશે તેમને ચાર દિવસ પછી ફોર્મમાં દર્શાવેલ નામે ફરીથી બુકિંગ થઈ શકશે નહી.

૧૫. જો કોઈ ચીજ-વસ્તુઓ વધારાની જોઈતી હશે તો ડીપોઝીટ/એક્સ્ટ્રા ચાર્જ ભરી લેવાની રહશે.

૧૬. સફાઈ કામદારો સવારના ૯ વાગ્યાથી રાત્રીના ૯ વાગ્યા સુધી હાજર હોઈ તે સમય દરમ્યાન બ્લોકની સફાઈ કરાવી લેવાની રહેશે.

Oshwal Centre, Saat Rasta, Aerodrome Road, Jamnagar-361006 +91 288 2540549 / 2553947 atithi@oshwalindia.org

૧૭. બ્લોક, ડબલબેડ તથા ડોરમેટરી રૂમોમાં વધુમાં વધુ રોકાણની મર્યાદા ફાળવણી તારીખથી ૨૦ દિવસની રહેશે. જો તેમ કરવામાં નિષ્ફળ જશો તો જેતે પ્રવાસીનો સર સામાન બહાર મૂકી જગ્યાનો કબજો લેવાનો સ્થાનિક નિયામકને અધિકાર રહેશે. બ્લોક, ડબલબેડ તથા ડોરમેટરી રૂમ છોડ્યા બાદ ફરીથી એન્ટ્રી છોડ્યાના ૨૦ દિવસ બાદ જ કરવા દેવામાં આવશે.

૧૮. સંસ્થામાં આવતા જ્ઞાતિજનોને કોઇપણ અસાધારણ કારણોસર સંસ્થામાં નિયમ કરતા વધારે રોકાણ કરવું જરૂરી હોઈ, તો તેઓએ સ્થાનિક સમિતિને તેમના રોકાણનું કારણ જણાવવું જરૂરી બનશે અને સમિતિની પરવાનગી મેળવીને સંસ્થામાં રોકાણ કરી શકશે.

૧૯. લગ્ન પ્રસંગો કે અન્ય પ્રસંગો ના બુકિંગ સિવાય, બ્લોક, ડબલબેડના રૂમોની અથવા ડોરમેટરી રૂમની ફાળવણી થતા ફોર્મ માં દર્શાવ્યા મુજબના રોકાણના દિવસોનો નકરો ડીપોઝીટ તરીકે આપવાનો રહેશે. જો કોઇપણ કારણસર પ્રવાસી રોકાણની મુદત પહેલા રૂમો છોડીને ચાલ્યા જશે તો તેઓએ તેમની ડીપોઝીટ રૂમ છોડ્યાના ૧૫ દિવસની અંદર સેટલ કરવાની રહેશે, અન્યથા સંસ્થા દ્વારા ખુશીભેટ તરીકે જમા કરવામાં આવશે.

૨૦. લગ્ન પ્રસંગો કે અન્ય પ્રસંગો માટે બુકિંગ કરવામાં આવતા બ્લોકોની ડીપોઝીટ પ્રસંગ પત્યાના ૧૫ દિવસની અંદર સેટલ કરવાની રહેશે.

૨૧. આપણી સંસ્થાના એટલેકે "સંઘ"ના ટ્રસ્ટીશ્રીઓ, હોદેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ તથા ભારતભરના પ્રતીનીધીશ્રીઓ જયારે તેઓના અંગત કામસર સંસ્થામાં રોકાણ કરતા હોય ત્યારે તેઓએ સામાન્ય જ્ઞાતિજનની રૂએ જ ઉતરવાનું રહેશે.

૨૨. સંસ્થા દ્વારા લગ્નપ્રસંગો સિવાયના બુકિંગ કરવામાં આવતા બ્લોક કુટુંબ સહીત આવનાર ને જ આપવામાં આવશે. બુકિંગની સુવિધા કુટુંબ સહીત આવનાર જ્ઞાતિજનોને નજરમાં રાખીને કરવામાં આવેલ હોય ડોરમેટરીમાં બુકિંગની સુવિધા આપવામાં આવશે નહિ.

૨૩. ઓશવાળ સેન્ટરમાં લગ્ન પ્રસંગો કે અન્ય પ્રસંગોના બુકિંગ ઉપર અતિથીગૃહમાં જે રૂમો ફાળવવામાં આવે છે, તે જ્ઞાતિજનોને તેઓના ઓશવાળ સેન્ટરની બુકિંગની તારીખ પ્રમાણેજ ફાળવવામાં આવશે. ઓશવાળ સેન્ટરમાં પ્રસંગ પૂર્ણ થયે તેઓએ અતીથીગૃહના રૂમો ખાલી કરવાના રહેશે, જો બીજા કોઈનું બુકિંગ નહી હોય તો તેઓ આગળ વાપરી શકશે.

૨૪. ઓશવાળ સેન્ટરમાં પ્રસંગ કેન્સલ થયેથી અતીથીગૃહમાં ફાળવેલ બ્લોકનું બુકિંગ કેન્સલ થશે.

૨૫. ઓશવાળ સેન્ટરમાં પ્રસંગ માટે બુકિંગ કરનાર જ્ઞાતિજનોને એક યુનિટ બુકિંગ ઉપર અતિથીગૃહમાં ૬ રૂમ આપી શકાશે, વધુ માં વધુ ૨૬ રૂમો પ્રસંગ માટે બુકિંગ થઇ શકશે ( પ્રથમ ૪ બુકિંગ ને ૬ રૂમ તથા ૫ મા બુકિંગ ને ૨ રૂમ) આગલા દિવસે બપોરે ૧૨ વાગ્યે થી પ્રસંગની તારીખના બીજા દિવસે સવારે ૧૧ સુધી.

૨૬. લગ્ન પ્રસંગો કે અન્ય પ્રસંગો માટે બુકિંગ કરવામાં આવતા બ્લોકો અથવા ડબલબેડ રૂમો જો કોઇપણ કારણસર કેન્સલ થશે તો સાદા બ્લોક દીઠ રૂ.૫૦/- તથા એ.સી. બ્લોક દીઠ રૂ.૧૦૦/- ખુસીભેટ તરીકે કાપવામાં આવશે. જો બુકિંગ કેન્સલ થયેલ ન હોય અને રૂમોનો ઉપયોગ કરવામાં આવેલ ન હોય તો ૧ દિવસનો પૂરો નકરો રૂમ પ્રમાણે સંસ્થા દ્વારા ખુસીભેટ તરીકે કાપવામાં આવશે.

૨૭. અતીથીગૃહમાં જ્ઞાતિજનો પાસેથી સાદા બ્લોક દીઠ નકરો રૂ.૩૦૦/- ( એક દિવસનો ) તથા એ.સી. બ્લોકનો નકરો રૂ.૬૦૦/-, ડબલ બેડના સાદા રૂમોનો નકરો રૂ.૨૦૦/- ( એક દિવસનો ) તથા ડોરમેટરીનો નકરો રૂ.૫૦/- રાખવો. આ નકરો પ્રથમ ચાર દિવસનો રહેશે. પાંચમાં દિવસથી સાદા બ્લોક ના રૂ. ૫૦૦/-, એ.સી. બ્લોકના રૂ.૮૦૦/-, ડબલ બેડના રૂમના રૂ.૩૦૦/- તથા ડોરમેટરીના રૂ.૧૦૦/- લેખે એક દિવસનો નકરો લેવો.

૨૮. અન્ય જૈન તથા ઈતરજ્ઞાતિના ઉતારુઓ પાસેથી એક દિવસનો નકરો સાદા બ્લોકના રૂ.૧૨૦૦/- તથા એ.સી. બ્લોકના રૂ.૧૮૦૦/- લેખે લેવા. તેઓને સંસ્થામાં વધુમાં વધુ ચાર દિવસ સુધી રોકાણની છૂટ આપવામાં આવશે.

૨૯. પ્રસંગોના બુકિંગ સિવાય, શ્રી હાલારી વિશા ઓશવાળ સમાજના ભાઈ બહેનો અતિથીગૃહમાં પ્રસંગો સિવાય ૩૬૫ દિવસ સુધીની સમય મર્યાદામાં વધુમાં વધુ ૫ (પાંચ) બ્લોકનું અથવા ડબલ બેડ રૂમનું બુકિંગ કરાવી શકશે. જેના માટે તેઓએ રૂમના ચાલુ નકરા ઉપરાંત રૂમ દીઠ રૂ.૧૦૦/- બુકિંગ નકરા પેટે આપવાના રહેશે. આ બુકિંગ નકરો તેઓને કોઇપણ સંજોગોવસાત બુકિંગ કેન્સલ થયે પરત કરવામાં આવશે નહી. રૂમના તથા બુકિંગના નકરાની રકમ બુકિંગ કરાવતી વખતે ભરવાની રહેશે, અન્યથા બુકિંગ કરવામાં આવશે નહી.

૩૦. પ્રસંગ સિવાયના બુકિંગ કરવામાં આવેલા રૂમો જો બુકિંગ તારીખના ૨૪ કલાક પહેલા કેન્સલ થશે તો બુકિંગ નકરાના રૂ. ૧૦૦/- તથા રૂમ નકરાના સાદા રૂમના રૂ. ૫૦/- તથા એ.સી. રૂમના રૂ. ૧૦૦/- સંસ્થા દ્વારા ખુશીભેટ તરીકે કાપી લેવામાં આવશે. જો બુકિંગ તારીખના દિવસે અથવા ૨૪ કલાકની અંદરના સમયમાં રૂમોનું બુકિંગ કેન્સલ કરવામાં આવશે તો બુકિંગ નકરાના રૂ. ૧૦૦/- તથા સાદા રૂમના રૂ. ૧૦૦/- તથા એ.સી. રૂમના રૂ. ૨૦૦/- સંસ્થા દ્વારા ખુશીભેટ તરીકે કાપી લેવામાં આવશે. કોઇપણ સંજોગોવસાત રૂમનું બુકિંગ કેન્સલ ન થાય અને વપરાશ પણ ન થાય તો, બુકિંગ નકરાના રૂ.૧૦૦/- ઉપરાંત રૂમ નકરાના ૧૦૦% સંસ્થા દ્વારા ખુશીભેટ તરીકે કાપી લેવામાં આવશે.

( કેન્સલ બુકિંગ માટે સમયની ગણત્રી, ચેક આઉટ સમય બપોરે ૧૨ થી ૧૨ પ્રમાણે રહેશે. )

૩૧. ઈતરજ્ઞાતિજન એડવાન્સ બુકિંગ મેળવી શકશે નહી. જે દિવસે પ્રસંગ ન હોય અને જ્ઞાતિજનોનું બુકિંગ નહી હોય અથવા રૂમ ખાલી હશે તો ફક્ત ત્રીજા માળે મેળવી શકશે. ઉપરાંત સંસ્થામાં કોઇપણ જાતના પ્રસંગ ન હોય અને પ્રવાસીઓનો અવર જવર પણ ખુબ ઓછી હોઈ તેવા સમયે અતિથિગૃહનો બીજો માળ તથા સેન્ટરની પગારી ઉપર ના રૂમો સ્થાનિક હોદેદારોની કન્સેન્ટ લઈને આપી શકાશે.

૩૨. અન્ય જૈન ને ઈતરજ્ઞાતિ માટેના નકરામાં ૨૦% ની છૂટ આપી શકાશે.

૩૩. કુલ ૧ સાદો રૂમ ( જુના મોટા બ્લોક માંથી ૨ બનાવેલ ) રીઝર્વ રાખવો કે જે ઉતારૂ પરિવાર સાથે ફક્ત નહાવા માટે આવેલ હોઈ તેમના માટે અથવા જેને રૂમ ૧૨.૦૦ વાગ્યે મળવાનો હોઈ તેમને ત્યાં સુધી નહાવા માટે વપરાશ કરી શકાય તે માટે વાપરી શકાય.